જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૦/૨૦૧૭ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૨૧૯૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦૬ કેસ કરી, ૯૦ વ્યક્તિઓને ઝડપી, ૬૪૨ લીટર દેશી દારૂ, ૨૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૨,૨૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૯૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૧૯૯/૧૭**

નિકોલઃ માધવભાઇ ધનરાજભાઇ જાટ (રહે. શ્યામવીલા સોસાયટી ઝવેરી એસ્ટેટ સામે કઠવાડા ગામ રોડ કઠવાડા જી.આઇ.ડી.સી. નિકોલ) એ તા.૨૯/૧૦/૧૭ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૦/૧૭ ક્લાક ૭/૩૦ થી તા.૨૮/૧૦/૧૭ કલાક ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના રસોડાની સ્ટોપર ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૪,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પ્રો.પો.સ.ઈ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

**ઇસનપુરઃ** કમલેશભાઈ મનોહરલાલ નેભવાણી (રહે. તપોભૂમી સોસાયટી વિશાલનગર મહાવીર સ્કુલની પાછળ ઇસનપુર) એ તા.૨૯/૧૦/૧૭ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૦/૧૭ રાતના ૧૦/૦૦ થી તા.૨૯/૧૦/૧૭ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૧૦,૫૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૦,૫૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી વાય.જી.માથુકીયા ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૦/૧૭**

**રામોલઃ** મનોજબહેન વા/ઓ દેવીલાલ જૈન (ઉ.વ.૪૩) (રહે. સુખીસંસાર એપાર્ટમેન્ટ ગાંધીપાર્કની સામે વિરાટનગર સામે ઓઢવ) તા.૨૮/૧૦/૧૭ રાતના ૧૧/30 વાગ્યાના સુમારે રામરાજયનગર બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ નજીકથી એકટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ મનોજબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ મનોજબહેન જૈને **રામોલ** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.સોલંકી ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૧/૧૭**

**રામોલઃ** સમીરગીરી ચન્દ્રકાન્તગીરી રામદતી (ઉ.વ.30) (રહે. મંગલમ રેસીડેન્સી આર.એ.એફ.કેમ્પની સામે વસ્ત્રાલ) એ **રામોલ** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૦/૧૭ કલાક ૨/30 વાગ્યાના સુમારે પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણ્યા ચાર પુરૂષો ઘરમાં પ્રવેશ કરી સોનાની બુટ્ટી, પેડલ અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૪,૦૦૦/- ચોરી કરી જતા હતા ત્યારે સોસાયટીના સભ્યો જોઈ જતા બુમાબુમ થતા સોસાયટીના સભ્યો ઉપર પથ્થરમારો કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.સોલંકી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૨/૧૭**

**ઘાટલોડીયાઃ** ઘટાબહેન બંકિમભાઇ શાહ (ઉ.વ.૨૨) (રહે. અર્જુનરત્ન એપર્ટમેન્ટ વર્ધમાન ફ્લેટની પાસે સી.પી.નગર ઘાટલોડીયા) એ કપડા સિલેક્શન બાબતે મનમાં લાગી આવતા તા.૨૮/૧૦/૧૭ રાતના ૧૧/30 વાગ્યાથી તા.૨૯/૧૦/૧૭ કલાક ૦૦.30 વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહિપતસિહ તખતસિહ ચલાવે છે.

**રીવરફ્રંટ વેસ્ટઃ ભરતભાઇ જીવણભાઇ પટ્ટણી (ઉ.વ.૪૫) (રહે. સોનારીયા સ્લમ કવાટર્સ જનરલ હોસ્પીટલ રોડ બાપુનગર)** એ અગમ્ય કારણસર તા.૨૯/૧૦/૧૭ કલાક ૧૦/30 વાગ્યાના સુમારે આંબેડકરબ્રીજ નીચે વોક વે નજીક નદીમાં પડતુ મુકીઆત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** જીતેન્દ્રભાઇ જીણાભાઇ પ્રજપતિ (ઉ.વ.૨૧) (રહે.કામેશ્વર પાર્ક હીરાવાડી મહાવીરનગર કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૦/૧૭ સાંજના ૬/૫૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં નાયલોનની દોરી બાંધીગળેફાંસોખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ. શ્રી એન.કે.ડાભી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.